# વાસ્તવિક જીવનના 'ધુરંધર'


લશ્કર અને જાસૂસ અથવા જાસૂસી વચ્ચેનો સંબંધ સ્વયંસ્પષ્ટ છે. હકીકતે આ સંબંધ પરસ્પરને પૂરક છે. હાલ મૌકા ભી હૈ ઔર દસ્તુર ભી એ ન્યાયે જાસૂસો અને જાસૂસીની વાત કરવી પ્રાસંગિક પણ બનશે કારણ કે આજકાલ 'ધુરંધર' ફિલ્મ ટોક ઓફ ધ ટાઉન બની રહી છે અને લગભગ બધી જ રીતે ધમાલ મચાવી રહી છે ત્યારે અહીં વાસ્તવિક જીવનના કેટલાક 'ધુરંધર'ની વાત માંડી છે. આ વાત કરીએ છીએ ત્યારે એ પણ નોંધી લઈએ કે 'ધુરંધર' ફિલ્મ આમ તો વાસ્તવિક ઘટનાક્રમ પર આધારિત હોવા છતાં ફિલ્મની વાર્તા અને વાસ્તવિક જીવનના ધુરંધરોને સાંકળતા ઘટનાક્રમ વચ્ચે પાયાનો તફાવત તો હોવાનો જ. છતાં ધુરંધર ફિલ્મ અને વાસ્તવિક જીવનના આ ધુરંધરોને સાંકળતો ઘટનાક્રમ બંને એકસમાન રીતે હાર્ડ હિટિંગ અને રોમાંચક છે એ ચોક્કસ. ભારત સહિત આખા વિશ્વના આવા ધુરંધરોની યાદી બનાવીએ તો સ્વાભાવિક રીતે એ ઘણી લાંબી થાય પણ અહીં સરળતા ખાતર અહીં રજૂ કરેલી યાદીમાં માત્ર કેટલાંક નોંધપાત્ર નામ જ સમાવ્યાં છે.

## વ્લામિદીર પુતિન



એક જાસૂસ જાસૂસ તરીકેની સત્તાવાર કારકિર્દી પૂરી કર્યા પછી સ્થાનિક રાજકારણમાં આવીને પોતાના દેશના વડાપ્રધાન પણ રહ્યા હોય અને પછી રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ પદે પણ પહોંચ્યા હોય એવી પૃષ્ઠભૂમિ ધરાવતા વર્તમાન વૈશ્વિક નેતાઓમાં રશિયાના વ્લામિદીર પુતિન તાજો દાખલો ગણી શકાય. એક સમયના સોવિયેત રશિયાની આજે પણ જાણીતી જાસૂસી સંસ્થા KGBમાં ઈન્ટેલિજન્સ ઓફિસર તરીકે પુતિન 1975થી એક સુદીર્ઘ કારકિર્દી ધરાવે છે. સમય જતાં પુતિન KGBમાં પદોન્નતિ મેળવતા ગયા અને પછીના સમયમાં KGBની અનુગામી સંસ્થા ફેડરલ સિક્યોરિટી સર્વિસ(FSB)ના ડાયરેક્ટર પણ બન્યા હતા. પુતિન 1999માં પહેલીવાર રશિયાના વડાપ્રધાન બન્યા ત્યાં સુધી તેઓ ફેડરલ સિક્યોરિટી સર્વિસ(FSB)ના ડાયરેક્ટર રહ્યા હતા.

## જ્યોર્જ H.W. બુશ



અમેરિકાના 41મા પ્રમુખ રહી ચૂકેલા જ્યોર્જ H.W. બુશ અમેરિકાના પ્રમુખ બન્યા તે પહેલાં એટલે કે 1976-77 દરમ્યાન તેઓ અમેરિકાની સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી(CIA)ના ડાયરેક્ટર રહ્યા હતા. બુશ સિનિયર CIAના ડાયરેક્ટર હતા તે દરમ્યાન તેમની ગણના એક પરંપરાગત જાસૂસ કરતાં ઉચ્ચસ્તરીય અને અનુભવી ઈન્ટેલિજન્સ ઓફિસર તરીકે વધુ થતી રહી હતી. અમેરિકન ઈતિહાસના જે સમયખંડ દરમ્યાન બુશ સિનિયર આ ભૂમિકામાં રહ્યા તે સમયગાળાની અમેરિકાની સ્થાનિક તેમજ વૈશ્વિક પરિસ્થિતિ જોતાં આ ભૂમિકા ઘણી મહત્ત્વની ગણી શકાય.

## સર ફ્રાન્સિસ વોલસિંઘમ



**આ યાદીમાં માઇસ કોપલેન્ડ જુનિયર, યુરી એન્ડ્રોપોવ અને હેરાલ્ડ હોલ્ટનો પણ સમાવેશ થાય છે. હેરાલ્ડ હોલ્ટ તો એક સમયે ઓસ્ટ્રેલિયાના પ્રેસિડેન્ટ પણ રહ્યા હતા અને તેમના પર ઓસ્ટ્રેલિયાના પ્રેસિડેન્ટની પોસ્ટ પર રહીને જ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ જ જાસૂસી કરતા હોવાના આક્ષેપો પણ થયા હતા**

બ્રિટનની મહારાણી એલિઝાબેથ-1ના મુખ્ય સચિવ રહેલા સર ફ્રાન્સિસ વોલસિંઘમ તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્યના એક અચ્છા સ્પાયમાસ્ટર પણ હતા, બલકે એમ પણ કહી શકાય કે તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્યના સ્પાયમાસ્ટર એ તેમની મુખ્ય ઓળખ હતી. એલિઝાબેથ-1ના મુખ્ય સચિવ તરીકેની જવાબદારી તો તેમણે એક વધારાના હવાલા તરીકે સ્વીકારી હતી. આમ છતાં મુખ્ય સચિવ તરીકે એલિઝાબેથ-1ને અનેક ખતરનાક

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

અને ક્યારેક જીવલેણ ષડયંત્રોમાંથી ઉગારવાનો શ્રેય સર ફ્રાન્સિસ વોલસિંઘમને અને તેમના મજબૂત જાસૂસી નેટવર્કને જાય છે. આખા જગત પર બ્રિટિશ સામ્રાજ્યનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો અને બ્રિટિશ સામ્રાજ્યમાં સૂરજ ક્યારેય આથમતો નથી એવું ગાઈ વગાડીને સૌ કહેતા એવા એલિઝાબેથ-1ના શાસનકાળમાં સ્પાય માસ્ટર સર ફ્રાન્સિસ વોલસિંઘમે જે જાસૂસીતંત્ર ઊભું કર્યું તેના પર વર્તમાન બ્રિટનની જાસૂસી વ્યવસ્થા પણ એક યા બીજી રીતે આધારિત છે તે હકીકત વિશ્વના આજના નિષ્ણાતો પણ સ્વીકારે છે.

## ઇયાન ફ્લેમિંગ

ઈયાન ફ્લેમિંગની વધુ જાણીતી ઓળખ જેમ્સ બોન્ડ શ્રેણીના બ્રિટિશ સર્જક તરીકેની છે. પણ આ જ ઈયાન ફ્લેમિંગનું પ્રમાણમાં ઓછું જાણીતું પાસું એ પણ છે કે તે લાંબા સમય સુધી બ્રિટિશ સિક્રેટ સર્વિસ અને બ્રિટિશ ફોરેન ઓફિસ સાથે પણ સંકળાયેલો રહ્યો હતો. એ સાથે ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ઈયાન ફ્લેમિંગ બ્રિટિશ સિક્રેટ સર્વિસ એજન્ટ તરીકે કાર્યરત હતો ત્યારે તેણે પોતાની આગેવાની હેઠળ 30 એસલ્ટ યુનિટ નામનું એક કમાન્ડો યુનિટ પણ તૈયાર કર્યું હતુ. આ યુનિટે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ઘણા મહત્ત્વપૂર્ણ ઓપરેશન્સ પણ સફળતાપૂર્વક પાર પાડ્યા હતા.

## કેઇમ હેરઝોગ

ઈઝરાયેલના છઠ્ઠા પ્રમુખ(રાષ્ટ્રપતિ) રહી ચૂકેલા મૂળે આઈરિશ પૃષ્ઠભૂમિ ધરાવતા, બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશ લશ્કરનો હિસ્સો પણ રહી ચૂકેલા કેઈમ હેરઝોગની એક જાસૂસ તેમજ એક રાજકારણી તરીકેની ભૂમિકા સમજવા જેવી અને રસપ્રદ છે. બીજા વિશ્વયુદ્ધ પછી હેરઝોગ ઈઝરાયેલમાં સ્થાયી થયા ત્યારથી ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ(IDF)માં જોડાયા હતા અને મેજર જનરલની રેન્ક સુધી પહોંચ્યા હતા. ઈઝરાયેલના જાસૂસીતંત્ર સાથે તેઓ તેના આરંભથી જ સક્રિય રીતે સંકળાયેલા હતા. હેરઝોગની રાજકારણી તરીકેની ભૂમિકાની વાત કરીએ તો તેઓ ઘણા સમય સુધી યુ.એન.માં ઈઝરાયેલના એમ્બેસેડર રહ્યા હતા. એ પછી 1983થી 1993 દરમ્યાન તેઓ ઈઝરાયેલના પ્રેસિડેન્ટ રહ્યા હતા. તેમના પુત્ર આઈઝેક હેરઝોગ ઈઝરાયેલના વર્તમાન પ્રેસિડેન્ટ છે.

## R.N. કાઓ (Kao)



વિશ્વભરના ધુરંધર સ્પાયમાસ્ટરોની વાત થાય અને ભારતના સ્પાયમાસ્ટર રામેશ્વરનાથ કાઓની વાત ન થાય એવું તો કેવી રીતે ચાલે? આપણી વર્તમાન જાસૂસી સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(RAW)ના આરંભ અને પછી તેને મજબૂત બનાવવામાં કાઓની ભૂમિકા અવિસ્મરણીય છે. એ જ રીતે 1980ના દાયકામાં પંજાબમાં આતંકવાદ તેની ચરમસીમાએ હતો ત્યારે તેને નાથવા માટે નેશનલ સિક્યોરિટી ગાર્ડ(NSG)નું ગઠન પણ તેમણે જ કર્યું હતું. એ પછી તેઓ 1980માં ઈંદિરા ગાંધી સરકારમાં તેમજ તે પછીની રાજીવ ગાંધી સરકારમાં પણ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રહ્યા હતા. તેમના માટે એવું કહેવાતું કે જાસૂસી જગતમાં વિશ્વભરમાં તેમના સંપર્કો એટલા સંગીન હતા કે તેઓ માત્ર એક ફોન કોલથી કોઈ ઘટનાને અંજામ આપી શકતા હતા અથવા કોઈ ઘટનામાં ધાર્યો વળાંક પણ લાવી શકતા હતા.

આ ઉપરાંત આ યાદીમાં માઈસ કોપલેન્ડ જુનિયર, યુરી એન્ડ્રોપોવ અને હેરાલ્ડ હોલ્ટનો પણ સમાવેશ થાય છે. હેરાલ્ડ હોલ્ટ તો એક સમયે ઓસ્ટ્રેલિયાના પ્રેસિડેન્ટ પણ રહ્યા હતા અને તેમના પર તો ઓસ્ટ્રેલિયાના પ્રેસિડેન્ટની પોસ્ટ પર રહીને જ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ જ જાસૂસી કરતા હોવાના આક્ષેપો પણ થયા હતા. આ સમગ્ર ઘટનાક્રમ પરથી ઓસ્ટ્રેલિયાના સાહિત્ય જગતમાં નવલકથાઓ સહિતની ઘણી સાહિત્યકૃતિઓ પણ સર્જાઈ છે.



# જેમ્સની 'અવતાર 3: ફાયર એન્ડ એશ' બોક્સ ઓફિસ પર આગ લગાવી શકી નહીં!

જેમ્સ કેમરૂન જ્યારે પણ 'અવતાર' લઈને આવે છે ત્યારે દુનિયાને લાગે છે કે હવે સિનેમાનો ઈતિહાસ બદલાઈ જશે પરંતુ 'અવતાર 3: ફાયર એન્ડ એશ' પછી બોક્સ ઓફિસ પર જે 'આગ' લાગવાની અપેક્ષા હતી તે લાગી નથી. બોક્સ ઓફિસના આંકડા જોતા સ્પષ્ટ સમજાય છે કે કલેક્શનનો ગ્રાફ અગાઉના ભાગથી નીચે તરફ જઈ રહ્યો છે. પહેલા ભાગે જે ક્રેઝ ઊભો કર્યો હતો તે નવીનતા હવે મરી ગઈ છે. બીજો ભાગ 'ધ વે ઓફ વોટર' 13 વર્ષ પછી આવ્યો હતો એટલે ભારે ભીડ હતી. પણ 'અવતાર 3' માત્ર 3 વર્ષમાં આવી ગઈ એટલે લોકોમાં એ આતુરતા જોવા મળી નથી. આ વખતે કલેક્શનમાં 20-30% નો ઘટાડો નોંધાયો છે ત્યારે બોલિવૂડની એક્શન ડ્રામા ફિલ્મ 'ધુરંધર' કોઈ સામાન્ય હિટ નહીં પણ એક સુનામી સાબિત થઈ રહી છે. પહેલા સપ્તાહે રૂ.218 કરોડ અને બીજા સપ્તાહે રૂ.261 કરોડ મેળવી ગઈ છે. રણવીર સિંહ, આર. માધવન અને અક્ષય ખન્નાની ત્રિપુટીએ ભારતીય સિનેમાઘરોમાં પ્રભુત્વ જમાવ્યું છે. હોલિવૂડના મોટા ગજાના નિર્દેશક જેમ્સ કેમરૂનની 'અવતાર 3' ના પાયા પણ હચમચાવી દીધા છે. 'અવતાર 3'ને પહેલા દિવસે રૂ.19 કરોડ મળ્યા જ્યારે 'ધુરંધર' ત્રીજા શુક્રવારે રૂ.22 કરોડ મેળવી ગઈ છે. આ ફિલ્મે લોકોની એવી નસ પકડી છે કે નાનાં શહેરોમાં પણ શો 'હાઉસફુલ' જઈ રહ્યા છે. રણવીરના હાઈ-વોલ્ટેજ એક્શન અને માધવનના સંવાદોએ માસ દર્શકોને પાગલ કરી દીધા છે. 'અવતાર 3' ની સફળતાના માર્ગમાં 'ધુરંધર' એક મોટો સ્પીડ બ્રેકર સાબિત થઈ છે. ભારતીય વિતરકોએ ક્રેઝને જોઈ ઘણા પ્રાઈમ ટાઈમ શો 'અવતાર 3' પાસેથી છીનવીને 'ધુરંધર' ને આપી દીધા છે. મલ્ટીપ્લેક્સમાં જે સ્ક્રીન્સ પર 'અવતાર' નો દબદબો રહેવાનો હતો ત્યાં હવે 'ધુરંધર'ની પકડ મજબૂત થઈ છે. ભારતીય દર્શકો માટે 'ધુરંધર'માં રહેલી દેશભક્તિ 'અવતાર' ના ઠંડા ગ્રાફિક્સ કરતા વધુ આકર્ષક સાબિત થઈ છે. 'અવતાર 3' ની મોંઘી ટિકિટોની સરખામણીએ 'ધુરંધર'માં લોકોને વધુ મનોરંજન મળી રહ્યું છે. જેના કારણે સામાન્ય જનતાએ હોલિવૂડને બદલે દેશી એક્શન પર પસંદગી ઉતારી છે. ગણાય નહીં એટલા જુદા જુદા રેકોર્ડ તોડી આગળ વધતાં 'ધુરંધર'ના વિજય રથે સાબિત કરી દીધું છે કે જો ભારતીય કન્ટેન્ટ મજબૂત હોય તો દુનિયાની સૌથી મોટી ફિલ્મ પણ તેની સામે ઘૂંટણ ટેકવવા મજબૂર થઈ જાય છે. પ્રેક્ષકો 'અવતાર 3'માં હવે માત્ર બ્લુ કલરના માણસોને હવામાં ઊડતા જોઈને અભિભૂત થતા નથી. તેમને નક્કર વાર્તા જોઈએ છે. એવું લાગે છે કે પ્રેક્ષકો હવે 'અવતાર'ની વાદળી દુનિયામાં થોડા 'પાણી-પાણી' થઈ ગયા છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર રાખ તો નથી થઈ પણ તેની જ્વાળા અગાઉના બે ભાગ જેટલી પ્રચંડ પણ રહી નથી. વાર્તામાં આ વખતે જેક સુલી અને નેતિરીનો સામનો 'રાખના લોકો' સાથે થાય છે. જેઓ નાવી હોવા છતાં થોડા આક્રમક અને વિલન જેવા છે. વિઝ્યુઅલની દ્રષ્ટિએ ફિલ્મ હજી પણ પૃથ્વી પરના કોઈ પણ નિર્દેશકની કલ્પના બહારની છે. પણ હવે પેન્ડોરાની એ સુંદરતા પ્રેક્ષકો માટે 'ઘર જેવી' થઈ ગઈ છે. જેમાં પહેલા ભાગ જેવી નવીનતા રહી નથી. વારંવાર પેન્ડોરા અને સ્કાય પીપલ વચ્ચેની એ જ લડાઈ, ટુલ્કુનનો શિકાર અને બચાવમાં કંઈ નવું નથી. અગાઉના ભાગો સાથે સરખામણી કરીએ તો 2009નો પહેલો ભાગ એક ચમત્કાર હતો. જેણે પહેલીવાર 3D દુનિયાનો અસલી જાદુ બતાવ્યો હતો. પહેલા ભાગમાં યુદ્ધનો જે રોમાંચ હતો તે અહીં જ્વાળામુખી અને રાખની વચ્ચે ક્યાંક ધૂંધળો પડી ગયો છે. એવું લાગે છે કે જેમ્સ કેમરૂન હવે વાર્તા કહેવાને બદલે માત્ર 'નેચર ડિસ્કવરી' ની ડોક્યુમેન્ટ્રી બનાવી રહ્યા છે. જેમાં પાત્રોને માત્ર ગ્રાફિક્સ બતાવવા માટે આમ-તેમ દોડાવવામાં આવે છે. ફિલ્મમાં એટલા બધા નવા જીવો અને નવી જગ્યાઓ બતાવવામાં આવે છે કે પ્રેક્ષકો કન્ફ્યુઝ થઈ જાય છે કે આ ફિલ્મ છે કે કોઈ હાઈ-ટેક વીડિયો ગેમનું ડેમો વર્ઝન! સૌથી મોટી મર્યાદા એ છે કે 'રાખના લોકો' ને વિલન તરીકે રજૂ કર્યા છે પણ તેમની લડાઈનાં કારણો એટલા પાતળા છે કે વિલન પ્રત્યે નફરત થવાને બદલે દયા આવે છે. જેમ્સ કેમરૂન કાકાને કોઈકે કહેવું જોઈએ કે પેન્ડોરામાં ગ્રાફિક્સ સુધારવા કરતાં થોડું સ્ક્રિપ્ટ પર પણ ધ્યાન આપવું જોઈએ! ટેક્નિકલી 'અવતાર 3' અસાધારણ રીતે મજબૂત છે. સિનેમેટોગ્રાફી શાનદાર છે. દરેક દ્રશ્ય ખૂબ જ ધ્યાન ખેંચે છે. ટીકાકારો અને પ્રેક્ષકો બંને એક વાત પર સહમત છે કે વિઝ્યુઅલ્સ કરતા કલાકારોના ઈમોશન્સ વધુ શક્તિશાળી છે. આ ફિલ્મની અસલી જાન ઝો સલ્ડાના છે. નવા 'ફાયર નાવી' ના લીડર તરીકે ઉના ચેપ્લિનની એન્ટ્રી ધમાકેદાર છે. પૃષ્ઠભૂમિ સંગીત ફિલ્મના રોમાંચ અને અનુભવને વધારે છે. તેને ફક્ત એડિટિંગ વિભાગમાં સુધારવાની જરૂર હતી. 197 મિનિટનો રનટાઈમ છે! ફિલ્મ જોતી વખતે દરેક એવો સવાલ પૂછે છે કે યાર, આ ફિલ્મ ક્યારે સમાપ્ત થશે? 'અવતાર' ફ્રેન્ચાઈઝી હવે એવા સંબંધી જેવી થઈ ગઈ છે જે દર વખતે આવે ત્યારે નવા કપડાં પહેરીને આવે છે પણ વાતો એની એ જ પુરાણી કરે છે! જો જેમ્સ કેમરૂન 'અવતાર 4' અને '5' માં પણ આ જ રાખ-પાણીનો ખેલ ચાલુ રાખશે તો પ્રેક્ષકો પેન્ડોરા જવાને બદલે પૃથ્વી પર રહીને ગુજ્જુ કૉમેડી જોવાનું વધુ પસંદ કરશે. જેમ્સ કેમરૂને આટલા બધા પૈસા ગ્રાફિક્સમાં નાખવા કરતાં જો થોડા પૈસા સારા ડાયલોગ રાઈટરને આપ્યા હોત તો કદાચ લોકો 'વાહ-વાહ' કરતા ઘરે ગયા હોત 'થાકી ગયા' કહીને નહીં!

**વિઝ્યુઅલની દ્રષ્ટિએ ફિલ્મ હજી પણ પૃથ્વી પરના કોઇ પણ નિર્દેશકની કલ્પના બહારની છે પણ હવે પેન્ડોરાની એ સુંદરતા પ્રેક્ષકો માટે 'ઘર જેવી' થઇ ગઇ છે, જેમાં પહેલા ભાગ જેવી નવીનતા રહી નથી**

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

### ઓટોગ્રાફ !

ફિલ્મ 'અવતાર 3' એટલી લાંબી છે કે થિયેટરમાં પોપકોર્નનું ટબ ખાલી થઈ જાય અને સોફ્ટ ડ્રિંક ગરમ થઈ જાય તોય પૃથ્વીવાસીઓ અને નાવી વચ્ચેની લડાઈ પૂરી થતી નથી. એવું લાગે છે કે હવે જેક સુલી કરતાં તો કપિલ શર્મા સારો કહેવાય જે એક સાથે ત્રણ-ત્રણ પત્નીઓ મેનેજ કરી લે છે. અહીં તો જેકભાઈથી એક વિલન મરતો નથી!

# સૌની સહકારિતાથી સંસાર સફળ થાય છે

હમણાં સ્કૂટર બનાવતી એક ફેક્ટરી જોવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. એમાં થોડા કારીગરો સ્કૂટરના સ્ટીયરિંગ બનાવતા હતાં, થોડા પૈંડા બનાવતા હતાં. સૌની સહિયારી કામગીરીના અંતે આખું સ્કૂટર તૈયાર થતું હતું. એ આખી પ્રક્રિયા જોયા પછી પ્રશ્ન થયો: "શું આપણો માનવ સમાજ પણ સ્કૂટરની ફેક્ટરી જેવો નથી? અહીં દરેકની ભૂમિકા અલગ છે. કોઈ ડૉક્ટર છે, કોઈ દરજી છે, કોઈ શિક્ષક છે તો કોઈ મિકેનિક છે. સાંજે એક લગ્ન રિસેપ્શનમાં જવાનું બન્યું. અહીં પણ કામની એવી જ વહેંચણી જોવા મળી. કોઈ શૂટબુટમાં સજ્જ થઈ મહેમાનોનું સ્વાગત કરતું હતું, કોઈ ઠંડા પીણા સર્વ કરતું હતું. કોઈ શાક પીરસતું હતું. કોઈની પાસે મીઠાઈનો થાળ હતો તો વળી કોઈ કચુંબર પીરસતું હતું. રસોડામાં નજર

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

ગઈ તો થોડી બહેનો પૂરી વણતી હતી, રસોઈયો પૂરી તળતો હતો. બધી ઘટનામાંથી એક ગર્ભિત અર્થ નીકળતો હતો - લગ્નની સફળતા માટે વરવહુનો મેળ જોઈએ અને લગ્ન સમારંભની સફળતા માટે સૌનો તાલમેલ જોઈએ. આ ઘણા "તો"ના દરિયા હેમખેમ તરી જવાય તો સફળતાને કાંઠે પહોંચી શકાય છે. જેમકે બ્રાહ્મણ હાજર હોય પણ જાન મોડી આવે તો લગનમાં વિઘન આવે. લાડી મળી જાય પણ વાડી ના મળે તો બેશક મુશ્કેલી ઊભી થાય. માઈક હોય પણ લાઈટ ના હોય તો આખા કાર્યક્રમની મજા મારી જાય. દોસ્તો, તાત્પર્ય એટલું જ કે માણસનો જીવનવ્યવહાર પણ દાંતાવાળા ચક્રો જેવો છે. એક ચક્રની ગતિ બીજા ચક્ર પર આધારિત છે. સૌના સહકારથી એક રિસેપ્શન સફળ થાય છે તેમ



સૌની સહકારિતાથી સંસાર સફળ થાય છે. જોકે સંસારમાં દરેકની ભૂમિકા જુદી જુદી હોય છે. અને એ યોગ્ય પણ ખરું. કલ્પના કરો ફેક્ટરીના બધાં કારીગરો સ્ટીયરિંગ જ બનાવ્યા કરે તો પૈંડા કોણ બનાવે..? અન્જિન કોણ બનાવે? બધાં જ પીરસનારા મીઠાઈનો થાળ લઈ નીકળી પડે તો કઢી, પુલાવ કે શાક માટે બુમરાણ મચી જાય. ભોજન બાદ પીરસાતી ધાણાદાળની પડીકી હવે તો ડિશમાં જ મૂકી દેવામાં આવે છે. (જાણે આઈસ્ક્રીમ સાથે ચમચી) એક વાતની ના પડાય એમ નથી. બાળક અવતરે ત્યારથી તેની સ્મશાનયાત્રા નીકળે ત્યાં સુધીમાં તેને ભગવાન કરતાં માણસની વધુ જરૂર પડે છે. એમ થવાથી આખો સમાજ એક માળામાં ગોઠવાયેલા મણકાની જેમ સુગ્રથિત બને છે. જરૂરિયાત પ્રમાણે દરેક પ્રકારના કામ કરનારા મળી રહે છે. સમાજમાં બાળક અવતરે તે ઘડીથી તે મૃત્યુ પામે ત્યાં સુધી અનેક માણસોની જરૂર પડે છે. હજી સુધી કોઈ લાશને ડાઘુઓની ખોટ પડી નથી. અહીં એકલવ્યો પણ છે અને અર્જુનનો પણ તોટો નથી. દેશમાં સોંયથી માંડી સીડીનો અને કોલગેટથી માંડી કોમ્પ્યુટર બનાવનારાઓનો ધંધો પુરજોશમાં ચાલે છે.

મૂળ મુદ્દો એટલો જ કે સંસારના રિસેપ્શનમાં દરેકે જુદા જુદા રોલ કરવાના રહે છે. અને તે પ્રમાણે તેની કિંમત પણ અંકાતી હોય છે. એમ સમજો કે દુનિયાના બજારમાં માણસની સ્થિતિ ચલણી નોટ જેવી હોય છે. બધી ચલણી નોટો એક જ કાગળમાંથી બને છે પણ કોઈની કિંમત એક રૂપિયો હોય તો કોઈની દસ રૂપિયા અને કોઈની કિંમત સો રૂપિયા..! જ્યાં રૂપિયાની જરૂર પડે ત્યાં સોની નોટ રજૂ કરવામાં આવે તો છૂટાની સમસ્યા ઊભી થાય. ટાંકણીની જરૂર હોય ત્યાં નરાઈ કામ આવતી નથી તેમ ભાખરીની જરૂર હોય ત્યાં કચુંબરથી કામ ચાલી શકતું નથી. દેશના વડાપ્રધાન જોડે તમારે ઘરવટ સંબંધ હોય પણ બાથરૂમનો નળ બગડ્યો હશે ત્યાં પ્રધાનમંત્રી નહીં - પ્લમ્બર જ ખપ લાગે. જીવનમાં માણસને ડગલેને પગલે બીજા માણસની જરૂર પડે છે. જેમકે લગ્ન માટે બ્રાહ્મણની, સંસાર માટે પતિ પત્નીની, બાળકના જન્મ ટાણે એક ડૉક્ટર કે આયાની.. ત્યારબાદ બાળક જન્મે ત્યાંથી સંસારની શરુઆત થઈ જાય છે. આમ સંસારમાં અંત સુધી માણસને માણસની જરૂર પડે છે. શાયર મંઝર "નવસારવી"એ વાતને આ રીતે કહી છે: "ન રહીમ આતા હૈ.. ન રામ આતા હૈ..! ઈન્સાન કો ઈન્સાન હી કામ આતા હૈ..!"(અમારા બચુભાઈએ એ પંક્તિ પરથી પૅરોડી બનાવી છે: "યહાં રામ રોતા હૈ.. રહીમ રોતા હૈ.. ઈન્સાન ઈન્સાન કા ખૂન પીતા હૈ..!"માણસ આજે માણસના ખૂનનો પ્યાસો બની ગયો છે. ભગવાનો બચી જાય છે.. પણ ઈન્સાનો ખપી જાય છે..!

**બાળક અવતરે ત્યારથી તેની સ્મશાનયાત્રા નીકળે ત્યાં સુધીમાં તેને ભગવાન કરતાં માણસની વધુ જરૂર પડે છે. એમ થવાથી આખો સમાજ એક માળામાં ગોઠવાયેલા મણકાની જેમ સુગ્રથિત બને છે. જરૂરિયાત પ્રમાણે દરેક પ્રકારના કામ કરનારા મળી રહે છે**

બચુભાઈ ઉમેરે છે: 'મિલકતના પૈસા મળે પછી દીકરાઓમાં લડાઈ થાય ત્યારે તેમની વચ્ચે સુલેહ કરાવવા માટે પણ માણસોની જ જરૂર પડે છે. સુલેહ ન થાય તો અદાલત અને એડવોકેટની જરૂર પડે છે. અનિલ અંબાણી અને મુકેશ અંબાણી વચ્ચે મિલકત માટે કલહ થયો હતો ત્યારે મોરારિબાપુ સમાધાન માટે ગયા હતા.

એક વાત ભૂલવા જેવી નથી. સંસારના સમુદ્રમંથનમાંથી બે પ્રકારના સત્યો નિપજી રહ્યાં છે. (૧) નક્કર સત્યો. અને (૨) આભાસી સત્યો. પૈસો, ધન દોલત એ નક્કર સત્યો છે. પૈસાને કૂતરાંય સૂંઘતા નથી એ બનાવટી સત્ય છે. પરંતુ પરમેશ્વર વિના જીવી શકાય, પૈસા વિના જીવવું મુશ્કેલ બની જાય એ સો ટચનું (ગેરેન્ટેડ) સત્ય છે. ટૂંકમાં અહીં ઈશ્વર અવતરે તો તે પણ પૈસા વિના રડતો થઈ જાય છે.. બોલો, સાચું કે ખોટું..?

### ધૂપછાંવ

પ્રસાદની થાળીમાં પડેલા તૂલસી પત્ર કરતાં જાજરૂમાં પડેલી બે હજારની નોટ માણસને વધુ પવિત્ર લાગે છે..!